# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૧ તા.૧૭-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ગુરૂ તેગ બહાદૂરની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે સ્પર્ધાના આયોજન બાબત.
સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/કલાઉત્સવ/૨૦૨૧/૨૫૦૮૨-૨૫૧૮૪ તા.૧૭-૦૯-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુરૂ તેગ બહાદૂરની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે વવિધ સર્જનાત્મક લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. પરિપત્ર નં. ૭૦-A તા.૧૬-૦૯-૨૦૨૧ મુજબ અગાઉ આ અંગે જાણ કરવામાં આવેલ છે. સદર સર્જનાત્મક લેખન સ્પર્ધાના વિષયો તથા આયોજન આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં જણાવ્યા મુજબ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૭-૦૯-૨૦૨૧

ડૉ.અશ્વિનકુમાર ડી.ત્રિવેદી
ઈ.શાસનાધિકારી

૨૫૦૯૨-૨૫૧૮૪
ક્રમાંક:જીસીઇઆરટી/કલા ઉત્સવ/૨૦૨૧
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
વિધ્યાભવન., સેક્ટર-૧૨, ગાંધીનગર
ફોન.નિયામક:(079) 23256808-39
ઇ-મેલ: director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તા. ૧૭/૯/૨૦૨૧

**પ્રતિ**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી – તમામ

પ્રાચાર્યશ્રી – જિલ્લા શિક્ષણ તાલીમ ભવન તમામ

**વિષય: ગુરુ તેગ બહાદુરની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે સ્પર્ધાના આયોજન બાબત.**

**સંદર્ભ: ભારત સરકારના શિક્ષા મંત્રાલય, નવી દિલ્હીના પત્રક્રમાંક F.N0.10-31/2021-sch.4, તા.7/4/2021નો પત્ર**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા **ગુરુ તેગ બહાદુરની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે વિવિધ સર્જનાત્મક લેખન સ્પર્ધાનું** આયોજન કરવાનું થાય છે. આ સ્પર્ધાનું આયોજન ધોરણ 6 થી 12ના વિધાર્થીઓ માટે વિવિધ સ્તરે શાળાકક્ષાએ, તાલુકાકક્ષાએ, જિલ્લાકક્ષાએ, રાજ્યકક્ષાએ અને રાષ્ટ્રીયકક્ષાએ યોજાનાર છે. જેમાં શાળાકક્ષા, તાલુકાકક્ષા, અને જિલ્લાકક્ષાના સ્પર્ધાની થીમ આધારિત વિષયો નીચે મુજબ છે.

- **ગુરુ તેગ બહાદુરના બાળપણનાં અનુભવો**
- **ગુરુ તેગ બહાદૂરના જીવનની ઐતિહાસિક પૃષ્ઠ ભૂમિકા**
- **ગુરુ તેગ બહાદૂર- ગુરુપદ, શહિદી, તેમજ માનવતાના દૂત તરીકે**

આપની કક્ષાએથી નીચે દર્શાવેલ સમયપત્રક મુજબ સ્પર્ધાઓનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | કક્ષા | સ્પર્ધાની થીમ | સમયગાળો | જવાબદારી |
|---|---|---|---|---|
| 1 | શાળા કક્ષા | ગુરુ તેગ બહાદુરના જીવન અને ઇતિહાસ સંકલિત વર્ગ વ્યવહાર, સર્જનાત્મક લેખન, સર્જનાત્મક રજુઆત Portfolio activity અને Role play સ્પર્ધા | 23/9/21 સુધીમાં સ્પર્ધા પુર્ણ કરવાની રહેશે. | શાળા, CRC |
| 2 | બ્લોક કક્ષા | ઓનલાઇન/ ઓફલાઇન સર્જનાત્મક લેખન/સર્જનાત્મક પ્રત્યાયન સ્પર્ધા | 30/9/21 સુધીમાં સ્પર્ધા પૂર્ણ કરવાની રહેશે. | CRC, BRC |
| 3 | જિલ્લા કક્ષા | ઓનલાઇન/ઓફલાઇન સર્જનાત્મક લેખન/સર્જનાત્મક પ્રત્યાયન સ્પર્ધા | 1/10/2021 થી 31/10/21 સુધીમાં સ્પર્ધા પૂર્ણ કરવાની રહેશે. | BRC, DIET |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | રાજ્ય કક્ષા | ઓનલાઇન/ ઓફલાઇન સર્જનાત્મક લેખન/સર્જનાત્મક પ્રત્યાયન સ્પર્ધા - રાજ્યકક્ષાની સ્પર્ધા માટેના થીમ આધારિત વિષયો રાજ્યકક્ષાની સ્પર્ધાના આયોજન સમયે જણાવવામાં આવશે. | 1/11/2021 થી 31/12/21 સુધીમાં સ્પર્ધાનું આયોજન | DIET, GCERT |
| 5 | રાષ્ટ્રીય કક્ષા | NCERT એ Ministry of Culture સાથેનાં સંકલનથી 15-20 વિષય આધારિત સ્પર્ધાઓના MY Gov Platform થી આયોજન થશે. શ્રેષ્ઠ સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે. | 1/1/2022 થી 28/2/2022 આયોજન | NCERT, GCERT |

ઉક્ત તમામ સ્પર્ધા માટે શાળા કક્ષાએથી પ્રથમ ક્રમાંક મેળવનાર વિજેતાને બ્લોક કક્ષાએ મોકલવાના રહેશે. બ્લોક કક્ષાએથી પ્રથમ 5 (પાંચ) ક્રમાંક મેળવનાર વિજેતાની એન્ટ્રી જિલ્લા કક્ષાએ મોકલવાની રહેશે. ત્યાર બાદ ઉક્ત સમયપત્રકના આયોજન મુજબ જિલ્લા કક્ષાએ સ્પર્ધાનું આયોજન કરી શ્રેષ્ઠ 10 કૃતિ રાજ્યકક્ષાએ મોકલવાની રહેશે. સંબંધિત સ્પર્ધાનું આયોજન, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સાથે સંકલનમાં રહી ડાયટ પ્રાચાર્ય દ્વારા કરવાનું રહેશે.

**નોંધ : વિજેતાને પ્રમાણ પત્ર આપવાનાં રહેશે.**

**નિયામક**
જીસીઇઆરટી
ગાંધીનગર

**નિયામક**
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

**કમિશનર**
કમિશનર શાળાઓની કચેરી
ગાંધીનગર

**એસપીડી**
સમગ્ર શિક્ષા
ગાંધીનગર